# અરવલ્લીમાં ભારે વરસાદથી એકનું મોત




**મોડાસામાં ભારે પવન સાથે ખાબકેલા વરસાદમાં ડુંગરવાડા પાસે વૃક્ષ ધરાશાયી થતાં માલપુરના અણિયોર ગામના ડાહ્યાભાઈ પંચાલનું મોત**

મોડાસાના અણીયોર ગામના ડાહ્યાભાઈ પંચાલ કામકાજ અર્થે મોડાસા આવ્યા બાદ વરસાદ શરુ થતા ઘરે જવા પરત ફરતા ડુંગરવાડા ગામ નજીકથી પસાર થતા વરસાદના પગલે વૃક્ષ ધરાશાઈ થતા બાઈક પર પડતા બાઈકચાલક ડાહ્યાભાઈ પંચાલ બાઈક સાથે ઝાડ નીચે દબાતા ઘટનસ્થળે મોત નિપજતા હાહાકાર મચ્યો હતો. વૃક્ષ નીચે દબાવાથી બાઈકચાલકનું મોત નિપજાવાની જાણ પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતક બાઈકચાલકના મૃતદેહનો કબ્જો મેળવી પીએમ માટે મોડાસા સરકારી દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.




ધનસુરામાં ૩ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો હતો. વરસાદ વરસતા રોડ અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા.

**અરવલ્લી જીલ્લામાં સાંજના બે કલાકમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી જેમાં મોડાસામાં ૨ ઈંચ, ભિલોડામાં ૨.૧ ઈંચ, મેઘરજમાં ૧.૫ ઈંચ, માલપુરમાં ૦.૫ ઈંચ, બાયડમાં ૧ ઈંચ, ધનસુરામાં ૩ ઈંચ વરસાદ ખાબકતા પાણી પાણીમાં ગરકાવ થઈ ગયું હતું.**

## અરવલ્લી જિલ્લામાં હવામાન વિભાગના ભારે વરસાદની આગાહી ચર્ચાસ્પદ બની

### દિવસભર ઝાકળવર્ષા રહેતા જિલ્લામાં તૈનાત કરેલ એનડીઆરએફની ટીમે રાહત અનુભવી

મોડાસા, તા. ૧૯

ગુજરાતમાં દક્ષિણ વિસ્તાર અને સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરી



મેઘ તાંડવથી ભારે નુકસાનીનો સામનો કરવાની સાથે તબાહી મચાવતા જનજીવન અસ્તવ્યસ્ત બનતા લોકોએ સપ્તાહ સુધી ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. રાજ્યના હવામાન વિભાગે ઉત્તર ગુજરાત સહીત અરવલ્લી જીલ્લામાં બે દિવસ દરમિયાન અતિભારે વરસાદની આગાહી કરતા અરવલ્લી જીલ્લામાં એનડીઆરએફની એક ટીમ ઉતારી દેવામાં આવી હતી તદઉપરાંત જીલ્લા વહીવટીતંત્ર દ્વારા તકેદારીના ભાગરૂપે જીલ્લા કક્ષાના અધિકારીઓએ હેડક્વાટર નહિ છોડવાની આદેશ કરાયો હતો. શિક્ષણ વિભાગ દ્વારા પણ બાળકોને વરસાદમાં શાળા દ્વારા સુરક્ષા પુરી પાડવાનો હુકમ કર્યો હતો. ગુરુવારે સવારે આકાશે વાદળો ઘેરાયા બાદ ઝાકળવર્ષા થતા અને ભારે વરસાદની આગાહી વચ્ચે સામાન્ય વરસાદ પણ ન નોંધાતા હવામાન વિભાગની અગાહીનું સુરસુરિયું થતા જીલ્લાવાસીઓનો વિશ્વાસ ગુમાવી દીધો હતો. જીલ્લામાં તૈનાત એનડીઆરએફની ટીમે રાહતનો શ્વાસ લઈ આરામદાયક મૂડમાં જણાયા હતા.

## ભિલોડા તાલુકામાં મેઘરાજાની લાંબા વિરામ બાદ ધમાકેદાર પધરામણી

ભિલોડા,તા.૧૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં મેઘરાજાએ લાંબો વિરામ લીધા બાદ મેઘરાજાએ ધમાકાકેદાર પધરામણી કરતાં મુરઝાતા ખેતીના પાકો કપાસ, મગફળી, મકાઈ, તુવેર, સોયાબીન, એરંડા વિવિધ પાકોને જીવતદાન મળ્યું હતું.

ભિલોડામાં ભરબપોરે બે ઈંચથી વધુ વરસાદ ખાબક્યો હતો. ભિલોડામાં ઠેર-ઠેર હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા હતા. ભિલોડા કોટેઝ હોસ્પિટલ સામે, ભિલોડા તાલુકા પંચાયત સામે સહિત વિવિધ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાતાં કાદવ-કિચડનું સામ્રાજ્ય દિન-પ્રતિ-દિન વધતાં રાહદારીઓ, વાહનચાલકો



હેરાન-પરેશાન થઈ રહ્યા છે ત્યારે રોગચાળો ફેલાય તેવી દહેશત સેવાઈ રહી છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ જાણે કે કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યા હોય તેમ લોકમુખે ચર્ચાય છે.ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજી મંદીર પાસે વરસાદી પાણી ભરાયા હતા.

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના ચિઠોડા, દઢવાવ, લીમડા, જાલેટી, પરવઠ, પાલ-ચિતરીયા પંથકમાં સાર્વત્રીક મેઘમહેર થઈ હતી ત્યારે ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

વાતાવરણમાં આહ્લાદક ઠંડક પ્રસરી હતી.મેઘરાજાએ ધીમી ધારે પધરામી કરતાં ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

અરવલ્લી જીલ્લામાં હવામાન વિભાગ ધ્વારા અપાયેલ ભારેથી અતિભારે વરસાદની આગાહીની સુરસુરીયું થતાં લોકોએ વિશ્વાસ ગુમાવી દીધો હતો. દિવસભર ઝાકળવર્ષા રહેતાં જીલ્લામાં તૈનાત કરેલ એન.ડી.આર.એફ.ની ટીમે રાહત અનુભવી હતી.



**ખેડબ્રહ્મામા વિરામ બાદ આજે મેઘો વરસ્યો ખરો**

ખેડબ્રહ્મામાં વરસાદ ચાર દિવસ ના વિરામ બાદ આજે બપોરે જ વાતાવરણ મા એકાએક પલટો આવ્યા હતો હતો કાળા ડિબાંગ વાદળો થી આકાશ ઘેરાઈ ગયુ હતુ ધોડા દિવસે લાઈટો ચાલુ કરવી પડે તેવા વાદળો આવતા લોકો વરસાદ સારો આવશે તેવી આશા રાખી હતી અને સાંજના ચારેક વાગ્યા ના સુમારે થી એક એક વરસાદ ચાલુ થઈ જતા લોકો એ આનંદ ની લાગણી અનુભવું હતી કલાક વરસતા લોકો ખુશ તો છે પણ હજુ જોઈએ એટલો વરસાદ નોંધાયો નથી આવનાર દિવસો મા સારા વરસાદ ની હજુ ખેડબ્રહ્મા ની પ્રજા રાહ જોઈ રહી છે.

## પવન સાથે વરસાદ, ઠેર-ઠેર વૃક્ષો ધરાશાયી થતા ડીસા ધાનેરાનો વાહન વ્યવહાર અટવાયો





પવન સાથે વરસાદ વરસતા વૃક્ષો ધરાશાયી થયા છે અને આર્મી જવાનોની ગાડી ઉપર વૃક્ષ પડતા ગાડીને મોટું નુકશાન થવા પામ્યું છે તો જવાનોનો આબાદ બચાવ થયો છે ત્યારે ધાનેરાથી ડીસા જવાનો રસ્તો બંધ થઈ જવા પામ્યો છે જેમાં વાહનો સહીત મોટી સંખ્યામાં લોકો પણ ફસાયા છે તો ધાનેરા સહીત અનેક વિસ્તારમાં પવન સાથે વરસાદ વરસી રહ્યો છે વરસાદને લઈ ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યો છે તો બીજી તરફ વૃક્ષો ધરાશાયી થતા વાહન વ્યવહાર પણ અટવાયો છે. ધાનેરા ડીસા હાઈવે ઉપર આવેલા ચોરા ગામ નજીક એક વૃક્ષ આર્મીની ગાડી ઉપર પડતા ગાડીને મોટું નુકશાન થવા પામ્યું છે પરંતુ જવાનોનો આબાદ બચાવ થતા લોકો અને તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. મહાકાય વૃક્ષ રસ્તાની વચ્ચે ધરાશાયી થતા ધાનેરા ડીસાનો વાહન વ્યવહાર પણ અટવાઈ જવા પામ્યો છે અને વાહનોની સાથે મોટી સંખ્યામાં લોકો પણ અટવાઈ જવા પામ્યા છે વરસાદને લઈ ધાનેરાના જાહેર માર્ગો પણ પાણીથી ઉભરાયેલા જોવા મળી રહ્યા છે.

# અંબાજીમાં વરૂણદેવને રીઝવવા વન ભોજન કર્યુ : સંપૂર્ણ બંધ પળાયો

**યાત્રાધામ અંબાજીમાં વરસાદ સારો આવે તે માટે ૧૦૦ ટકા બંધ રહ્યા : અંબાજીના લોકોએ વન ભોજન કરી વરુણ દેવતાને પ્રાર્થના કરી : અંબાજીમા આજે લગભગ ૪ ઈંચ વરસાદ નોંધાયો : અંબાજીના બજારમાં પાણી પાણી જોવા મળ્યું, દશામાં મંદિર, પંચાયત કચેરી અને દુકાનોમાં પાણી ઘુસ્યા**

અંબાજી, તા. ૧૯

શક્તિ, ભક્તિ અને આસ્થાનો ત્રિવેણી સંગમ એટલે શક્તિપીઠ અંબાજી. ગુજરાત અને ભારત દેશનું લોકપ્રિય શક્તિપીઠ છે. આ ધામ ગુજરાત અને રાજસ્થાન બોર્ડર પર આવેલું છે. અંબાજી મંદિર પર ૩૫૮ સુવર્ણ કળશ લાગેલા હોઈ આ ધામ ગોલ્ડન શક્તિપીઠ તરીકે જગ વિખ્યાત છે. આજે શક્તિપીઠ અંબાજીના બજારો સંપૂર્ણ બંધ રહતા તમામ બજારો બંધ રહ્યા હતા અને અંબાજીના લોકોએ ઘરેથી જમવાનું બનાવી વન ભોજન કર્યું હતુ. આજે અંબાજી મંદિરમાં બનાસકાંઠા કલેક્ટર પણ હવનમાં બેઠા હતા. અંબાજીના લોકોએ પણ અંબાજીના ધર્મસ્થાનોમા જઈ વરુણદેવને રીજવવા માટે પ્રાર્થના કરી હતી.

આજે વહેલી સવારથી જ અંબાજીના તમામ બજારો સંપૂર્ણ બંધ રહ્યા હતા. અંબાજીના જુના બજાર અને હાઈવેના તમામ બજારો આજે બંધ જોવા મળ્યા હતા. આજે તમામ વેપારીઓએ પોતાની મરજીથી દુકાનો બંધ રાખી વરસાદ સારો આવે તે માટે વરુણદેવને પ્રાર્થના કરી હતી. આ સીઝનમાં અંબાજીમાં નહીવત વરસાદ થયો છે જયારે ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં સારો વરસાદ થતા લોકો ખેતી તરફ વળ્યાં છે. જયારે અંબાજીમા વરસાદ પ્રમાણમાં ઓછો થતા લોકો આજે વેપાર ધંધા સંપૂર્ણ બંધ રાખ્યા હતા અને લોકોએ વન ભોજન કરવા વનમાં ગયા હતા.

અંબાજીના સરપંચ રામાવતાર અગ્રવાલે જાણકારી આપી હતી કે આ વખતે વરસાદ ઘણો ઓછો થયો છે અને આજે અંબાજીની જનતા વનમાં જઈ વન ભોજન કરી વરુણદેવને રીજવશે તેમ કહ્યું હતુ. ત્યારબાદ અંબાજીમાં ભારે વરસાદ આવ્યો હતો અને ઉજવણી સફળ રહી હતી અને આજે અંબાજી મંદિરમાં ગુજરાત ના મુખ્યમંત્રી વિજય રૂપાણીના ધર્મપત્ની અંજલીબેન રૂપાણી પરિવારે સાથે અંબાજી આવી માતાજીના દર્શન કર્યા હતા. અંબાજીમા આજે લગભગ ૪ ઈંચ વરસાદ નોંધાયો. અંબાજીના બજારમાં પાણી પાણી જોવા મળ્યું. દશામાં મંદિર, પંચાયત કચેરી અને દુકાનોમાં પાણી ઘુસ્યા હતા.





